Re-Accredited by NAAC with 'A' Grade
VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY
University Campus, Udhna-Magdalla Road, SURAT - 395 007, Gujarat, India.
વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી
યુનિવર્સિટી કેમ્પસ, ઉધના-મગદલ્લા રોડ, સુરત - ૩૯૫ ૦૦૭, ગુજરાત, ભારત.
Tel : +91 - 261 - 2227141 to 2227146, Toll Free : 1800 2333 011, Fax : +91 - 261 - 2227312
E-mail : info@vnsgu.ac.in, Website : www.vnsgu.ac.in

# અનુસ્નાતક અભ્યાસક્રમોમાં પ્રવેશ અંગેની જાહેરાત
# (શૈક્ષણિક વર્ષ ૨૦૨૨-૨૦૨૩)

**હાલ જે વિદ્યાર્થીઓ સ્નાતક કક્ષાના અંતિમ વર્ષમાં અભ્યાસ કરી રહ્યા છે તેવા વિદ્યાર્થીઓએ અંતિમ વર્ષની/સેમેસ્ટર ની પરીક્ષા પહેલા જ ઓનલાઇન પ્રવેશ અરજી કરવાની થાય છે.**

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના વિવિધ અનુસ્નાતક વિભાગો, યુનિવર્સિટી સંલગ્ન કોલેજોમાં ચાલતાં યુનિવર્સિટીના અનુસ્નાતક કેન્દ્રો તેમજ સ્વનિર્ભર કોલેજોમાં ચાલતા વિવિધ વિદ્યાશાખાના અનુસ્નાતક અભ્યાસક્રમો (એલ. એલ. બી. સહીત) નાં પ્રવેશ ફોર્મ તારીખ : ૨૨/૦૧/૨૦૨૨ થી ૨૮/૨/૨૦૨૨ દરમ્યાન યુનિવર્સિટીની વેબસાઈટ www.vnsgu.ac.in પર ઓનલાઇન સ્વીકારવામાં આવશે.

પ્રવેશ અંગેની લાયકાત તથા પ્રવેશ ની સંપૂર્ણ વિગતો યુનિવર્સિટીની વેબસાઇટ પર ઉપલબ્ધ છે તેનો બરાબર અભ્યાસ કર્યા બાદ જ ઓનલાઇન ફોર્મ ભરવું. પ્રવેશ માટેની પ્રોસેસિંગ ફી રૂ. ૨૦૦/- (Non-Refundable) નેટ બેન્કિંગ, ડેબિટ/ક્રેડિટ કાર્ડથી અથવા યુ.પી.આઈ થી જ ભરવાની રહેશે, અન્ય કોઈપણ રીતે રજીસ્ટ્રેશન ઉપલબ્ધ નથી.

**અનુસ્નાતક અભ્યાસક્રમોમાં પ્રવેશ માટે મેરીટ ની ગણતરી નીચે મુજબ કરવામાં આવશે:**

<u>સેમેસ્ટર પદ્ધતિ ના વિદ્યાર્થીઓ માટે:</u>

સેમેસ્ટર - ૧ થી સેમેસ્ટર -૪ ના કુલ ગુણ (ઇન્ટર્નલ તથા એક્સ્ટર્નલ બંને મળીને થતા કુલ ગુણ) નો ભારાંક ૫૦% તથા સેમેસ્ટર - ૫ ના કુલ ગુણ (ઇન્ટર્નલ તથા એક્સ્ટર્નલ બંને મળીને થતા કુલ ગુણ) નો ભારાંક ૫૦% (૮ સેમેસ્ટર ના કિસ્સામાં ૧ થી ૬ સેમેસ્ટરો નો ભારાંક ૫૦% અને ૭ મા સેમેસ્ટર નો ભારાંક ૫૦%, ૨. ૧૦ સેમેસ્ટર ના કિસ્સામાં ૧ થી ૮ સેમેસ્ટરો નો ભારાંક ૫૦% અને ૯ મા સેમેસ્ટર નો ભારાંક ૫૦%)

<u>વાર્ષિક પદ્ધતિ ના વિદ્યાર્થીઓ માટે:</u>

એફ.વાય ના કુલ ગુણ (ઇન્ટર્નલ તથા એક્સ્ટર્નલ બંને મળીને થતા કુલ ગુણ) નો ભારાંક ૫૦% તથા એસ.વાય ના કુલ  ગુણ (ઇન્ટર્નલ તથા એક્સ્ટર્નલ બંને મળીને થતા કુલ ગુણ) નો ભારાંક ૫૦%

કોઈ પરીક્ષા એક કરતાં વધુ પ્રયત્ને પાસ કરેલ હશે તો પણ મેરીટમાંથી કોઈ પ્રકાર ના ગુણ કપાશે નહીં.

જો વિદ્યાર્થી કોઈ સેમેસ્ટર / વર્ષ માં નાપાસ હોય તેવા સંજોગોમાં પણ તે સેમેસ્ટર / વર્ષ ના કુલ ગુણમાંથી મેળવેલ ગુણ એન્ટર કરવાનો રહેશે.

જો વિદ્યાર્થીએ એક કરતા વધુ પ્રયત્ને પરીક્ષા પાસ કરેલી હોય તો તેવા કિસ્સામાં છેલ્લી પરીક્ષા ના ગુણ ગણતરીમાં લેવાશે. વિદ્યાર્થીએ જે તે જગ્યાએ છેલ્લી પરીક્ષા ના ગુણ એન્ટર કરવાના રહેશે તથા જે તે સેમેસ્ટર ની માર્કશીટ અપલોડ કરવાની હોય તે જગ્યાએ જે તે સેમેસ્ટર / વર્ષ માટે જેટલી વાર પરીક્ષા આપી હોય તે તમામ ટ્રાયલ ની માર્કશીટ ની એક ભેગી પી.ડી.એફ ફાઈલ અપલોડ કરવાની રહેશે.

<u>ટાય બ્રેકર :</u>

જો ઉપરોક્ત પદ્ધતિ મુજબ ગણતરી કરતાં બે કે તેથી વધુ વિદ્યાર્થીઓના મેરીટ માર્ક એક સરખા આવે (ટાય થાય) તેવા કિસ્સામાં

- સેમેસ્ટર પદ્ધતિ વાળા વિદ્યાર્થીઓના કિસ્સામાં જે વિદ્યાર્થીના સેમેસ્ટર - ૫ ના માર્ક્સ વધુ હોય અને વાર્ષિક પદ્ધતિ વાળા વિદ્યાર્થીઓના કિસ્સામાં જે વિદ્યાર્થીના એસ.વાય. ના માર્ક્સ વધુ હોય તેનો મેરીટ ક્રમાંક આગળ ગણાશે

- સેમેસ્ટર - ૫ તથા એસ.વાય ના માર્ક્સ મુજબ ગણતરી કરતાં પણ જો મેરીટ માર્ક્સ સરખા થતા હોય તેવા કિસ્સામાં સેમેસ્ટર પદ્ધતિ વાળા વિદ્યાર્થીઓના કિસ્સામાં જે વિદ્યાર્થીના સેમેસ્ટર ૧ થી સેમેસ્ટર ૪ ના માર્ક્સ તથા વાર્ષિક પદ્ધતિ વાળા વિદ્યાર્થીના કિસ્સામાં એફ.વાય ના માર્ક્સ વધુ હોય તેનો મેરીટ ક્રમાંક આગળ ગણાશે.

- ઉપરોક્ત બંને પદ્ધતિઓ મુજબની ગણતરી કર્યા બાદ જો મેરીટ માર્ક્સ સરખા થતા હોય અને ટાય બ્રેક ના થાય તો જન્મ તારીખ મુજબ જે વિદ્યાર્થી મોટો હોય તે વિદ્યાર્થી નો મેરીટ ક્રમાંક આગળ રહેશે.

- ઉપરોક્ત ત્રણ પદ્ધતિ મુજબ ની ગણતરી કર્યા બાદ જો ટાય બ્રેક ન થતી હોય તેવા કિસ્સામાં જે વિદ્યાર્થીએ પ્રથમ ફોર્મ ભરેલ હશે તેનો મેરીટ ક્રમાંક આગળ ગણાશે.

જે વિદ્યાર્થીઓ ૬ સેમેસ્ટર કે ત્રણ વર્ષ ના સમયગાળા કરતાં વધુ સેમેસ્ટર કે વર્ષો ના સ્નાતક અભ્યાસક્રમ માં ભણેલા / ભણતા હોય તેવા વિદ્યાર્થીઓએ રુમનંબર ૧૨૧ નો રૂબરૂમાં સમ્પર્ક કર્યા બાદ ઓનલાઇન પ્રવેશ ફોર્મ ભરવાનું રહેશે.

જે વિદ્યાર્થીએ સ્નાતક અભ્યાસક્રમ ની પરીક્ષા પાસ કરી દીધી છે તેવા વિદ્યાર્થીઓનું મેરીટ પણ ઉપરોક્ત પદ્ધતિ થી જ ગણવામાં આવશે. તથા જે વિદ્યાર્થીઓનું પરિણામ જાહેર થવાનું બાકી છે તે જાહેર થશે ત્યારબાદ પણ જાહેર થયેલ પરિણામને આધારે મેરીટ માં કોઈ સુધારો કરવામાં આવશે નહિ અને ઉપરોક્ત પદ્ધતિના મેરીટ અનુસાર જ પ્રવેશ પ્રક્રિયા કરવામાં આવશે.

વિદ્યાર્થી ડેસ્કટોપ કોમ્પ્યુટર, લેપટોપ અથવા મોબાઈલ થી પોતે જ પોતાનું ફોર્મ ભરી શકશે. વિદ્યાર્થીઓ એ સાયબર કાફેમાં ન જતાં પોતે ફોર્મ ભરવું અથવા નજીકની કોલેજ અથવા શાળામાં જઈ ફોર્મ ભરવું હિતાવહ છે. કોલેજો તથા શાળાઓ વિદ્યાર્થીઓ પાસે રૂ. ૫૦ લઈ ફોર્મ ભરવાની સુવિધા ઉપલબ્ધ કરાવશે. દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી કાર્ય વિસ્તારમાં આવેલ તમામ શાળાઓ અને દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજો હેલ્પ સેન્ટર તરીકે કાર્યરત રહેશે. ડોક્યુમેન્ટ જમા કરાવવા કે વેરીફાય કરાવવા કોઈપણ કોલેજ, યુનિવર્સિટી કે હેલ્પ સેન્ટર પર રૂબરૂ જવાનું રહેશે નહીં. ઓનલાઇન ફોર્મ ભરવામાં થતી મુઝવણ માટે હેલ્પલાઇન નંબર ૦૨૬૧૨૩૮૮૮૮૮ પર જ પૂછપરછ કરી સ્પષ્ટતા મેળવી લેવાની રહેશે.

સમગ્ર પ્રવેશ પ્રક્રિયા ઓનલાઇન રહેશે, વિદ્યાર્થીઓ એ નિયમિત રીતે પોતાનું ડેશબોર્ડ તથા યુનિવર્સીટી ની વેબસાઈટ ચેક કરવાની રહેશે, ઓનલાઈન ફોર્મમાં વિદ્યાર્થીએ જે યુનિવર્સિટી ડિપાર્ટમેન્ટ,અનુસ્નાતક કેન્દ્ર અથવા સ્વનિર્ભર કોલેજોમાં પ્રવેશ મેળવવો છે તથા ઉપલબ્ધ બેઠકો પૈકી ૧. ગ્રાન્ટ ઈન એઈડ, ૨. હાયરપેમેન્ટ કે ૩. સ્વનિર્ભર પૈકી કયા પ્રકારની બેઠક પસંદ કરવી છે તેની પસંદગી તથા પસંદગીનો ક્રમ આપવાનો રહેતો નથી મેરીટ અનુસાર જે જગ્યાએ જે પ્રકારની બેઠક પર વિદ્યાર્થી પ્રવેશ પાત્ર હશે તે જગ્યાએ વિદ્યાર્થી પ્રવેશ મેળવી શકશે.

તમામ વિદ્યાર્થીઓ એ ઓનલાઈન ફોર્મમાં જ પોતાની માર્કશીટ  તથા અન્ય જરૂરી પ્રમાણપત્રો ફરજીયાત ઓનલાઇન જ અપલોડ કરવાની રહેશે. એસ.સી, એસ.ટી, એસ.ઇ.બી.સી, ઈ.ડબ્લ્યુ.એસ (આર્થિક રીતે પછાત), પી.એચ. (દિવ્યાંગ), સ્પોર્ટ્સ વગેરે કેટેગરીના વિદ્યાર્થીઓ સંબંધિત પ્રમાણપત્ર પણ ઓનલાઇન ફોર્મ માં જ અપલોડ કરવાના રહેશે.

વિદ્યાર્થીઓને ફાળવવામાં આવનાર પ્રવેશ પ્રોવિઝનલ ગણાશે, કોઈપણ તબક્કે રજૂ કરેલ દસ્તાવેજ (ડોક્યુમેન્ટ) ની સત્યતા બાબતે અથવા પ્રવેશ માટેની નિર્ધારિત

લાયકાતની પરિપૂર્ણતા અંગે કોઈ વિસંગતતા ઊભી થાય તેવા સંજોગોમાં પ્રવેશ રદ કરવા સહિતનો યુનિવર્સિટીનો નિર્ણય આખરી ગણાશે.

પ્રવેશ પ્રક્રિયા સ્નાતક કક્ષાના પરિણામ જાહેર થયા પહેલાં કરવાની હોવાથી પ્રોવિઝનલ પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓ સ્નાતક કક્ષાનું પરિણામ જાહેર થતા જો જે તે અભ્યાસક્રમ માટે નિર્ધારિત કરવામાં આવેલ લાયકાત (એલિજિબિલિટી) પરિપૂર્ણ ન કરે તેવા સંજોગોમાં પ્રોવિઝનલ પ્રવેશ આપોઆપ રદ થશે.

**ખાસ નોંધ:**

**૧. શૈક્ષણિક વર્ષ ૨૦૨૧-૨૦૨૨ ના પ્રથમ સત્રને અંતે લેવાયેલ સેમેસ્ટર - ૫ ની પરીક્ષા નું પરિણામ જાહેર થયા બાદજ પ્રવેશ ફોર્મ ભરવું.**

**૨. શૈક્ષણિક વર્ષ ૨૦૨૧-૨૦૨૨ ના પ્રથમ સત્રને અંતે લેવાનાર પરીક્ષાઓ તથા તે પહેલાં લેવાયેલ પરીક્ષાના પરિણામોજ મેરિટની ગણતરીમાં લેવામાં આવશે. ત્યારબાદના પરિણામો મેરિટની ગણતરીમાં લેવામાં આવશે નહીં.**

તા. ૨૦/૧/૨૦૨૨ ઈ.ચા.કુલસચિવ

સ્થળ: સુરત